# કોરોના અને પડકારોની વચ્ચે ટાટા પાવરે વીજળી પુરી પાડી

## ૧૧ લોકેશનોમાં ટાટા પાવરના વીજ ઉત્પાદક એકમોનું ક્લસ્ટર બધા પ્લાન્ટને સંપૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત રખાયું

અમદાવાદ,તા.૯

વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોવિડ-૧૯ને અધિકૃત રીતે આપેલા નામ ૨૦૧૯ નોવેલ કોરોના વાયરસ (૨૦૧૯-એનકોવીડ) ભારત સહિત દુનિયાનાં ૨૧૦થી વધારે દેશો અને વિસ્તારોમાં ફેલાઈ ગયો છે, જેના પગલે આ બિમારી વૈશ્વિક મહામારી બની ગઈ છે. આખો દેશ તા.૨૫ માર્ચથી અત્યાર સુધી સંપૂર્ણ લોકડાઉન વચ્ચે છેલ્લાં થોડાં અઠવાડિયાઓમાં કસોટીમાંથી પસાર થઈ રહ્યો છે. આ સમયગાળા દરમિયાન અમને આપણા હીરો એટલે કે ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ, પોલીસ, હાઉસકીપિંગ/સેનિટાઈઝિંગ ટીમો વગેરે માટે ગર્વ છે અને અમે એમની પ્રશંસા કરીએ છીએ. યુટિલિટી અને આવશ્યક સર્વિસ પ્રોવાઈડર તરીકે અમે નાગરિકોનું જીવન જાળવી રાખવા સતત (૨૪બાય૭) કાર્યરત રહીને અને સંપૂર્ણપણે દેશને સ્વસ્થ જાળવવા નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હીરોની સાથે ટાટા પાવર ખભેખભો મિલાવીને કામ કરી રહી છે અને કોરોના કહેર તથા પડકારો વચ્ચે દેશના નાગરિકોને ટાટા પાવર સતત વીજળી પૂરી પાડી રહી છે એમ કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર વિજય પી.નામજોશીએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, થોડી આવશ્યક કામગીરીઓ સિવાય લગભગ તમામ ઔદ્યોગિક અને વેપાર વાણિજ્યની પ્રવૃત્તિઓ બંધ છે, ત્યારે અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજળીની માગમાં મોટો ઘટાડો થયો છે. મૂળભૂત લોડિંગ કામગીરી માટે પ્રથમ વિકલ્પ તરીકે કોલસા-સંચાલિત યુનિટોનો ઉપયોગ થાય છે, કારણ કે સૌથી વધુ માગ અત્યારે સૌથી ઓછી માગ જેટલી છે. ટાટા પાવરના તમામ વીજ સ્ટેશનોમાંથી અપેક્ષાઓ વધારે હતી અને આ પડકારજનક સમયમાં ટાટા પાવરની પ્રતિબદ્ધતા જીવનમાં પ્રકાશ ફેલાવવાની પ્રતિપાદિત થઈ છે. અત્યાર સુધી તમામ ૧૧ લોકેશનોમાં આવશ્યક સેવા પ્રદાતા તરીકે ટાટા પાવરના વીજ ઉત્પાદક એકમોનું ક્લસ્ટર બધા પ્લાન્ટને સંપૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત કરવામાં સફળ રહ્યું છે અને તમામ ગ્રાહકોને ઘરે સલામત રીતે રહેવા સક્ષમ બનાવવા, તમામ હોસ્પિટલોમાં દર્દીઓનું લાઈફ- સપોર્ટિંગ વેન્ટિલેટર્સ પર જીવન જાળવી રાખવા, સંશોધન પ્રયોગશાળાઓને આ રોગચાળામાંથી સારવાર માટે ઉપાય શોધવા સતત કાર્યરત રાખવા, વ્યવસાયિકોને ઘરેથી કામ કરવા માટે, ખાદ્ય અને અન્ય જીવનજરૂરી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતાં તમામ કારખાનાઓને ચાલુ રાખવા, સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવા છતાં દરેકને એકબીજાની નજીક રાખતી આઈટી અને આઈટીઈએસ કંપનીઓને કાર્યરત રાખવા તથા આ જીવલેણ વાયરસ સામે લડવા નીતિઓ અને રણનીતિ ઘડતી સરકારી ઓફિસોને તથા દેશને સુરક્ષા પ્રદાન કરવા સતત વીજળીનો પુરવઠો પ્રદાન કર્યો છે.